ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૩૧ માર્ચ, ૨૦૨૬




ભાગડાવડા ગામ કોળી પટેલ અને દેસાઈનું છે, વલસાડ શહેરના અનેક જાણીતા વ્યાવસાયિકો જેમ કે ડોક્ટરો, પત્રકારો, વકીલો અને રાજકારણીઓ પણ મોટી સંખ્યામાં ભાગડાવડા ગામમાં જ રહે છે

ટાઉન ટોક

# વલસાડ શહેરને વિકાસની ટક્કર આપતું ગામ એટલે ભાગડાવડા






## ગામના સરપંચ અને સભ્યોની યાદી



**સરપંચ**
ધર્મેશકુમાર બાબુભાઇ પટેલ



**ઉપસરપંચ**
બકુલભાઇ પ્રભુલાલ રાજગોર

**સભ્યો**
નિમિષાબેન મહેશભાઇ પટેલ
યોગેશ ડાહ્યાભાઇ પટેલ
બકુલાબેન બાભુભાઇ મેહતર
ફરહિનબાનુ મોઇન શેખ
નઇમાબીબી ઇસ્માઇલ શેખ
મોહસીનઅલી રોશઅલી સૈયદ
કવિતાબેન હેમંતકુમાર પટેલ
રમીલાબેન રમણભાઇ રાઠોડ
નિધીબેન નિનાદભાઇ ભટ્ટ
ચૈતાલીબેન નિલેશકુમાર રાજપૂત
રાજેન્દ્રકુમાર રણજીતરાય દેસાઇ
પીયૂષભાઇ કાંતિલાલ પટેલ
રવિનાબેન વિકાસ રાઠોડ
જીજ્ઞેશકુમાર ઠાકોરભાઇ પટેલ
શશિકાંત ભરતભાઇ નાયકા
**તલાટી કમ મંત્રી મનીષભાઇ**
બાબુભાઇ પટેલ

વલસાડ શહેરને અડીને આવેલું કોળી પટેલ અને દેસાઈઓનું ગામ ભાગડાવડાએ વિકાસની એવી હરણફાળ ભરી છે કે, તે વલસાડ શહેરને ટક્કર આપી રહ્યું છે. આમ તો ભાગડાવડા ગામ વલસાડનું અભિન્ન અંગ કહી શકાય છે. જેના કારણે તેનો વિકાસ શહેર જેવો થયો છે. ભાગડાવડા ગામ શહેર સાથે એવી રીતે જોડાયેલું છે કે, તે ગામ છે કે શહેર છે તેનો ફરક વલસાડના લોકોને પણ જણાતો નથી. અંદાજિત 12291ની વસતી વાળા આ ભાગડાવડા ગામમાં મોટા મોટા એપાર્ટમેન્ટ, બંગલાઓ, સોસાયટીઓ જ નહીં, પરંતુ મોટા શોપિંગ મોલ, રેસ્ટોરન્ટ પણ ખૂલી ગયાં છે. શહેરનો ક્રીમ વિસ્તારનો ભાગ ભાગડાવડા ગામમાં આવતો હોય, આ ગામની રોનક જ કંઈ ઓર છે. જો કે, વલસાડનું ભાગડાવડા ગામ હજુ પણ વિકાસ કરી રહ્યું છે. તેનો અવિરત વિકાસ વલસાડને પણ પૂરક બળ પૂરું પાડી રહ્યું છે. ભૌગોલિક દૃષ્ટિએ ભાગડાવડા ગામ વલસાડ શહેરના વિકાસમાં પણ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે. વલસાડની જાણીતી કોમર્સ, સાયન્સ, આર્ટસ અને લો કોલેજ તેમજ આખું કોલેજ સંકુલ શરૂઆતથી જ ભાગડાવડા ગામમાં છે. અહીં નવી આવેલી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ અને વર્ષો જૂની પોલિટેકનિક કોલેજ પણ ધમધમી રહી છે. ત્યારે આ ગામને વલસાડનું શિક્ષણનું કેન્દ્ર પણ કહી શકાય છે.

વલસાડ શહેરના અનેક જાણીતા વ્યાવસાયિકો જેમ કે ડોક્ટરો, પત્રકારો, વકીલો અને રાજકારણીઓ પણ મોટી સંખ્યામાં ભાગડાવડા ગામમાં જ રહે છે. જેનું મુખ્ય કારણ આ ગામનો શહેર જેવો થયેલો વિકાસ છે. ભાગડાવડા ગામ કોળી પટેલ અને દેસાઈનું છે, પરંતુ અહીં મુસ્લિમોની કોલોની વિકસી હોવાથી તેમની પણ ખાસ્સી વસતી છે. આ સિવાય આહીર સમાજ પણ અહીંના મૂળ રહેવાસી છે.

વલસાડ સાથે આ ગામ એટલું જોડાયેલું છે કે, શહેરની મધ્યના કેટલાક આઈલેન્ડ વિસ્તારો પણ ભાગડાવડા ગામમાં છે. જેમાં ગોયા તળાવ વિસ્તાર કહી શકાય. આ વલસાડ શહેરના જાણીતા મોલ, જાણીતા ફૂડ જોઈન્ટ કે મોટી એવી સરદાર હાઈટ્સ કોલોની પણ ભાગડાવડા ગામમાં આવેલી છે. તિથલ રોડની અનેક કોલોની કે જાણીતાં એપાર્ટમેન્ટ ભાગડાવડા ગામની હદમાં છે. આ ગામ છેલ્લાં 30 વર્ષમાં ખૂબ વિકાસ પામ્યું છે. ત્યારે આ ગામ છે કે શહેર એ કહેવું મુશ્કેલ બની જાય છે.

વલસાડનું ભાગડાવડા ગામ સૌથી સમૃદ્ધ ગામ કહી શકાય છે, પરંતુ અહીં વેરાની વસૂલાત ખૂબ ઓછી છે. ભલે અહીં મોટા મોટા બંગલાઓ બની ગયા હોય, પરંતુ લોકોમાં વેરાની ચૂકવણી માટે એટલી જાગૃતતા જોવા મળતી નથી. ભાગડાવડા ગામનો મહત્તમ વિસ્તાર નલ સે જલની યોજનામાં આવરી લેવાયો છે, અનેક વિસ્તારોમાં વરસાદી પાણીની ગટર પણ છે. જો કે, હજુ સુધી ગામમાં ડ્રેનેજની સુવિધા શરૂ થઈ શકી નથી. વધુમાં ગામ ધીમે ધીમે સીસી ટીવી કેમેરા જેવી સુવિધાઓથી સજ્જ થઈ રહ્યું છે. જેનાથી ગામમાં જ નહીં, પરંતુ શહેરી વિસ્તારમાં થતા ગુનાઓ પર રોક લાગી શકે. વલસાડ શહેરને અડીને આવેલું આ ગામ એક નવું વલસાડ તરીકે ઉભરી રહ્યું છે.







## ગામમાં પાણીની કોઈ અછત નથી

ભાગડાવડા ગામમાં પાણીની ખાસ અછત જોવા મળી નથી. 90 ટકા ઘરોમાં નળથી પાણી આવી રહ્યું છે. જેના માટે અહીં નાની મોટી એવી પાણીની 7 ટાંકી આવેલી છે. આ ટાંકીઓ થકી ગામનાં અનેક ઘરોમાં, મોટી મોટી કોલોનીમાં પાણી પહોંચાડાય છે. અહીંનાં મોટાં એપાર્ટમેન્ટમાં ગામ ભોંયતળિયાના સંપમાં પાણી પહોંચાડી રહી છે. જો કે, હજુપણ અનેક એપાર્ટમેન્ટ્સ ભૂગર્ભ જળ પર આધાર રાખે છે. તેઓ બોરિંગથી પાણી ખેંચી પોતે પાણી માટે પંચાયત પર આધાર રાખતાં નથી.

## ભાગડાવડાની હાઇફાઇ સોસાયટીએ શહેરીજનોને આકર્ષ્યા છે

વલસાડ ભાગડાવડા ગામની પાલિહીલ, આદર્શ સોસાયટી સહિતનો પોશ વિસ્તાર તેમજ કોલેજ પાસેની સરદાર હાઇટના એપાર્ટમેન્ટ્સે શહેરના મહત્તમ લોકોને આકર્ષ્યા છે. વલસાડના પાલિહિલ વિસ્તારમાં નગરપાલિકાના સભ્યો અહીં રહે છે. શહેરના મહત્તમ ડોક્ટરો પણ ભાગડાવડાની હદમાં આવેલા પાલિહીલ અને આદર્શ સોસાયટીમાં રહે છે. શહેરના 6 પત્રકાર પણ આ જ ગામમાં રહે છે. જો કે, તમામ અગ્રણીઓ મૂળ શહેરી વિસ્તારના હતા. જેઓ છેલ્લાં 30 વર્ષમાં વિકસેલા ભાગડાવડા ગામમાં સ્થળાંતર કરી રહેવા આવ્યા છે. શહેરનો એક મોટો ધનાઢ્ય વર્ગ ભાગડાવડાની હદમાં આવેલા બંગલાઓ અથવા મોટાં એપાર્ટમેન્ટ્સમાં રહેવા જતા રહ્યા છે. ત્યારે વલસાડ શહેર ભાગડાવડા ગામના રહીશો જ ચલાવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે.

